અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની હાથતાળી

માલપુરના ઓટા ગામે વીજળી પડતા ભેંસનું મોત

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લામાં હવામાન વિભાગની આગાહી કુદરત સામે લાચાર જણાઈ રહી છે. છેલ્લા ત્રણ દિવસથી ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે કોરા ધાકોર દિવસો પસાર થતા ખેડૂતોમાં

ચિંતાની લકીરો તણાઈ છે. આકાશે કાળા ડિબાંગ વાદળોની ઘેરાબંધી પછી પવન સાથે વાદળો વિખેરાઈ જતા મેઘરાજા હાથતાળી આપી રહ્યા છે. રવિવારે સાંજે માલપુર, બાયડ પંથકમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. મેઘરજના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી વાતાવરણ અને પવન ફૂંકાવાની સાથે વીજળીડૂલ થતા પ્રજાજનોમાં વીજતંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામોમાં પણ છાસવારે વીજળીડૂલ થતા સરકારના ૨૪ કલાક વીજળી આપવાના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે.

માલપુર તાલુકામાં રવિવારે રાત્રીના સુમારે કડાકા-ભડાકા અને વીજળીના ચમકારા સાથે વરસાદી ઝાપટું પડ્યું હતું. માલપુરના ઓઢા ગામમાં ગત રાત્રીએ વીજળી પડતા સુરેશભાઈ ચંદુભાઈ ડામોરના ઘર આગળ લીંબડાના ઝાડ નીચે બેઠેલી ભેંસનું મોત થતા અને લીંબડો ઉભેઉભો ચિરાઈ જતા લોકોમાં ભય છવાયો હતો. વીજળી પડતા ભેંસનું મોત નિપજતા પશુપાલન કરી જીવનનિર્વાહ ચલાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

નડતરના બહાને જેટકોએ ૨૬૦ કેળાના ઝાડનો ખુરદો બોલાવી દીધો

હિંમતનગર પાસેના કાટવાડ ગામના ખેડૂત બેહાલ બન્યા : વળતર મેળવવા ખેડૂતે પોલીસમાં ફરીયાદ કરી

હિંમતનગર, તા. ૧

કેન્દ્ર સરકાર ખેડૂતોની આવક બમણી કરવાના આશયથી ટેકાના ભાવમાં વધારો તથા અન્ય ખેતીવિષયક યોજનાઓના માધ્યમથી સબસીડી અપાઈ રહી છે. ત્યા તાજેતરમાં હિંમતનગર પાસેના કાટવાડ ગામના એક ખેડૂતે રૂ. ૨ લાખથી વુનો ખર્ચ કરીને કેળાના ટિસ્યુ લાવી ખેતરમાં રોપી તૈયાર કર્યા બાદ તાજેતરમાં ઉત્તર ગુજરાત વીજકંપનીના જેટકોના કર્મચારીઓએ ૨૬૦થી વધુ કેળાના ઝાડ ૬૬ કેવી વીજલાઈન માટે નડતરરૂપ હોવાનું જણાવી તેને કાપી નાંખતા આ ખેડૂત બેહાલ બની ગયા છે અને વળતર મેળવવા માટે તેમણે પોલીસમાં જાણ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર પાસેના કાટવાડ ગામે રહેતા રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલે એક વર્ષ અગાઉ કેળાના અંદાજે ૩૦૦૦ ટિસ્યુ લાવીને આઠ એકર જમીનમાં વાવેતર કર્યુ હતુ અને તેના ઉછેર માટે અંદાજે રૂ. ૨ લાખથી વધુનો ખર્ચ કરીને પાકની માવજત કરી આ કેળાના ઝાડને ફળાઉ બનાવ્યા હતા. દરમ્યાન તેમના ખેતરમાંથી પસાર થતી ૬૬ કેવી વીજલાઈન માટે આ કેળાના છોડ નડતરરૂપ હોવાનુ માનીને ચાર દિવસ અગાઉ જેટકોના અધિકારીઓએ મજૂર સાથે આવી કેળાના ઝાડનો ખુરદો બોલાવી દીધો હતો.

આ વખતે ખેતરમાં હાજર રહેલા રણછોડભાઈ પટેલ તથા તેમના પુત્ર હિતેશભાઈ પટેલે કેળાના ઝાડ ન કાપવા માટે અનેક વિનંતીઓ કરી હોવા છતાં જેટકોની ટીમ ટચની મચ થઈ ન હતી અને આખરે આ ટીમે તેમનું ધાર્યુ કરી દીધુ હતુ. ત્યારબાદ લાખો રૂપિયાનો ખર્ચ કરીને માવજત કરી ઉછરેલા લીલાછમ ખેતરમાં ખેદાનમેદાન કર્યા બાદ ખેડૂતે વળતર મેળવવા હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ આપતા જેટકોના અધિકારીઓ હરકતમાં આવ્યા છે.

કાટવાડ ગામના ખેડૂતોનું કહેવુ છે કે જો કેન્દ્ર સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટે ચિંતા કરે છે ત્યારે જેટકોના કંપનીના અધિકારીઓને કેમ ખેડૂતોને યેનકેન પ્રકારે હેરાન પરેશાન કરવાનુ સુઝે છે તે સમજાતુ નથી. વીજકંપની દ્વારા સાબરકાંઠા સહીત આખા ગુજરાતમાં જે ખેતરોમાંથી હેવી વીજલાઈન પસાર થાય છે તેવા ખેડૂત ખાતેદારોને પ્રોત્સાહનરૂપે નાણાંકીય મદદ આપવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરાઈ હતી. પરંતુ જે ખેડૂતોના ખેતરોમાંથી અન્ય વીજલાઈન પસાર થાય છે અને તેના કારણે ખેડૂતોને જે વીજપોલ નડતરરૂપ હોય તેને અન્યત્ર ખસેડવા વીંજકનપીના અધિકારીઓ એસ્ટીમેન્ટના નામે પૈસા ભરાવે છે તેમા સુધાર થવો જોઈએ.

ઝાડ કેળાથી લચી પડ્યા હતા

કાટવાડ ગામના જે ખેડૂતે અઢી એકર જમીનમાં કેળાના ટિસ્યુ રોપીને તૈયાર કર્યા હતા તે ખેતરમાં આ ઝાડ પર કેળાની લૂમના ઝુમખા હતા. તેમ છતાં ખેડૂતોને તે પાક ઉતારી લેવાનો મોકો આપ્યા વિના કાપી નંખાયા છે. તેના લીધે થયેલા નુકસાન બદલ મને તેનુ વળતર જેટકોએ ચુકવવુ જોઈએ એમ અસરગ્રસ્ત ખેડૂત રણછોડભાઈ પટેલનું કહેવું છે.

જેટકોના અધિકારીઓ સમાધાન કરાવવાના મુડમાં

ચાર દિવસ અગાઉ હેવી વીજ લાઈન માટે નડતરરૂપ ગણાતા કેળાના ઝાડ જમીનદોસ્ત કરી દેવાયા બાદ સોમવારે જેટકોના કેટલાક અધિકારીઓ ટીમ સાથે કાટવાડ ગામે દોડી આવ્યા હતા અને ખેડૂતને સામાન્ય વળતર આપવાની વાત કરીને આ મુદ્દે સમાધાન કરવા માટે સમજાવટ કરી હતી.

મોડાસાની મોતી સાગર સોસાયટીમાં વીજપોલ નમી પડતા રહીશોમાં ભય

વીજતંત્ર અકસ્માતની રાહ જોઈ રહ્યું છે..?

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લામાં ચોમાસુ શરુ થતાની સાથે વીજપોલ ધરાશાયી થવાની અનેક ઘટનાઓ દર વર્ષે બહાર આવતી હોય છે. વીજપોલ ધરાશાયી થતા ગ્રામ્ય વિસ્તારોમાં વિજપુરવઠાથી અનેક દિવસો વંચિત રહેવું પડે છે. મોડાસાની મોતીસાગર સોસાયટીના પ્રવેશદ્વાર નજીક વીજપોલ નમી પડતા સોસાયટીના રહીશો માટે ગમે તે ઘડીએ આફતરૂપ બની શકે છે. વીજકચેરીમાં નમી પડેલ વીજપોલ અંગે વારંવાર રજુઆત કરવા છતાં વીજપોલ સુરક્ષિત ન કરાતા પ્રજાજનોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

મોડાસા શહેરના માર્ગો પર અનેક વીજપોલ નમી પડતા શહેરીજનોના માથે મોત ઝઝૂમી રહ્યું હોય તેવો નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી મોતીસાગર સોસાયટીના પ્રવેશદ્વાર નજીક વીજપોલ નમી પડતા સોસાયટીના રહીશો માટે અકસ્માતની ભીતિ પેદા થતા રહીશોએ વીજકચેરીમાં અનેકવાર રજુઆત કરવા છતાં વીજપોલ ઉભો ન કરતો હોવાનો પ્રજાજનોએ આક્ષેપ કરી વીજતંત્રની નબળી કામગીરી સામે રોષ પ્રગટ કર્યો હતો અને વીજકચેરી દ્વારા નમી પડેલ વીજપોલ હટાવી લેવામાં આવે અથવા સુરક્ષિત કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજપોલ લગાડતા કોન્ટ્રાક્ટર દ્વારા નીતિનિયમો નેવે મૂકી ૬ ફૂટના ખાડાના બદલે ૩ ફૂટ ખાડામાં અને સિમેન્ટ કોંક્રિટનો માલસામાન પણ હલકી કક્ષાનો વાપરી નવા વીજપોલ ઉભા કરવામાં આવતા હોવાની બૂમો ઉઠી રહી છે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ માઇનોરિટી ડિપાર્ટમેન્ટે

મોબ લીચિંગ ઘટનાઓના પગલે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૧

ઝારખંડમાં સરાયકેલાના ખરસાવામાં તબરેઝ અન્સારી નામના મુસ્લિમ યુવકની ટોળાએ ક્રૂર હત્યા કરી નાખતા વધુ એક મોબ લીચિંગની ઘટનામાં લઘુમતી સમાજના નિર્દોષ યુવકનો ભોગ

લેવાતા તેના પડઘા સમગ્ર દેશમાં પડી રહ્યા છે. અરવલ્લી જીલ્લા કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ચેરમેન કાદરઅલી સૈયદની આગેવાની હેઠળ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી મોબ લીચિંગની ઘટનાઓ અટકાવવા સરકારે ત્વરિત પગલાં ભરી શખ્ત કાયદો બનાવવાની માંગ કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર છેલ્લા પાંચ વર્ષથી ધર્મના નામે ગૌહત્યાના નામે અથવા બીજા કારણોસર કથિત હિન્દુત્વના હિમાયતીઓ અને કહેવાતા ગૌ રક્ષકો તેમજ શ્રીરામ ભગવાનના આદર્શો સાથે લેશ માત્ર સંબંધ ન ધરાવતા કહેવાતા રામભક્તોને જાણે આ ભાજપની સરકારે હત્યાનો પરવાનો આપી દીધો હોય તેમ કાયદો અને વ્યવસ્થાની જરીયે પરવા કર્યા વગર ખુલ્લેઆમ હથિયારો સાથે ટોળાશાહી દ્વારા નિર્દોષ મુસ્લિમો અને આશાસ્પદ યુવકોની હત્યા કરવામાં આવે છે જે દેશની સંસ્કૃતિ પર કલંક છે. દેશમાં અવારનવાર બનતી મોબ લિંચિંગની ઘટનાઓના પગલે સુપ્રીમકોર્ટ હલબલી ગઈ છે અને કેન્દ્ર-રાજ્ય સરકારને મોબ લીચિંગની ઘટનાઓ અટકાવવા માર્ગદર્શિત કરી છે. કેન્દ્ર-રાજ્ય સરકારે કાયદો બનાવવા સૂચન છતાં એક વર્ષથી વધુનો સમય થવા છતાં કાયદો બનાવ્યો નથી. વારંવાર મોબ લીચિંગ ઘટનાઓ અટકાવવામાં નહિ આવે તો આગામી દિવસોમાં ગંભીર પરિણામો દેશને ભોગવવા પડશે તે દિવસો દૂર નથી. દેશના બંધારણની વિરુદ્ધ અત્યાચાર થઈ રહ્યા છે આવા તત્વો ભાઈ-ચારાની ભાવનાને નાશ કરનારા હોવાથી આવા તત્વોને રોકવાની માંગ કરી હતી.

પાલનપુર મુકામે ડીઝીટલ ભારત એનીવર્સરીની ઉજવણી

પાલનપુર, તા. ૧

પાલનપુર મુકામે ડીઝીટલ ભારત એનીવર્સરીની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીઝીટલ ભારત એનીવર્સરીની ઉજવણીને અનુલક્ષી પાલનપુર વિદ્યામંદિર સ્કૂલ, જી. ડી. મોદી કોલેજ અને મામલતદાર કચેરી, પાલનપુરના જનસેવા કેન્દ્ર ખાતે પ્રેઝન્ટેશન સ્વરૂપે જિલ્લાકક્ષાની ઈવેન્ટ અને પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોમન સર્વિસ સેન્ટરના અધિકારી સંજય પ્રજાપતિએ પ્રેઝન્ટેશન દ્વારા ડીઝીટલ ઈન્ડીયા વિશે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું કે આપણો દેશ ખુબ ઝડપથી ડીઝીટલ ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યો છે. દેશના દરેક વ્યક્તિની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે આધારકાર્ડ આપવામાં આવ્યા છે અને આધારકાર્ડ સાથે બેંક અને સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ સાથે જોડવામાં આવ્યા છે. તેમણે મેક ઈન ઈન્ડીયા, કેશલેસ સેવા, પેપર ફ્રી, લાઈન ફ્રી અને ટેન્શન ફ્રી બદલાતા ઈન્ડીયા વિશે વિગતવાર માહિતી આપી હતી. ઓનલાઈન એપ્લીકેશન અને ભીમ એપ તથા વિવિધ મોબાઈલ એપ્લીકેશનના ઉપયોગ અને આ એપ દ્વારા સરળતાથી થતાં પેમેન્ટ ટ્રાન્સફર વિશે સમજ આપી હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને પોલીસકર્મીનો વિદાય સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં રાઈટર હેડ તરીકે ફરજ બજાવતા કાળાભાઈની વયમર્યાદાના કારણે ૩૦ જૂને નિવૃત થતા તેમનો વિદાય સમારંભ અર્બુદા મંદિર સંકુલમાં યોજાયો હતો. જ્યા ભાજપના તાલુકાના પ્રમુખ સુરેશ પટેલના અધ્યત્રસ્થાનેથી યોજાઈ ગયો જેમાં શહેરના વેપારી તથા પોલીસ સ્ટાફે નિવૃત થતા કાળાભાઈને શ્રીફળ, શાલ અને મોમેન્ટો આપી નિવૃત્ત જીવન સુખમય નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ સમારંભમાં હે.કો. દેસાઈ, પો.કો. જયંતીભાઈ, એએસઆઈ વિષ્ણુભાઈ, પો.કો. દેવરાજ ઓડ સહિત પોલીસ સ્ટાફ હજાર રહ્યો હતો.

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સભાસદોના પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧

મત્સ્યોદ્યોગ ખાતાની ૨૦મી વાર્ષિક સાધારણ સભા તથા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ મંડળીના પ્રમુખ પ્રદ્યુમનસિંહ કે. વાઘેલાના અધ્યક્ષસ્થાને તા. ૨૯-૬-૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે નિવૃત નાયબ મત્સ્યોગોગ કમિશ્નર એ.યુ. બુચ તેમજ નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક બી.કે. રાયજાદા ઉપસ્થિત રહ્યા હતા.

મંડળીના મંત્રી કે.યુ. પટેલ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ના હિસોબા તથા સરવૈયુ રજુ કરવામાં આવ્યુ હતુ. તેમજ મંડળીની યોજનાઓ વિગતોની રૂપરેખા આપવામાં આવી હતી. મંડળીના ઓડીટ બાબતે વિગતો રજુ કરી જેમાં સતત છેલ્લા દસ વર્ષથી ઓડીટમાં 'અ' વર્ગ મળેલ છે. જેની નોંધ લેવામાં આવી હતી. મંડળીના પ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલા દ્વારા જણાવ્યા મુજબ ચાલુ વર્ષે મંડળીનું ટર્નઓવર રૂ. ૧.૦૦ કરોડથી વધુનુ અને સભાસદોને બચત પર ૧૩ ટકા વ્યાજ ચુકવવાની જાહેરાત કરતાં સભાસદોમાં હર્ષની લાગણી ફેલાઈ જવા પામી હતી. ચાલુ સાલે ધિરાણ મર્યાદા રૂ. ૨.૨૫ લાખથી વધારીને રૂ. ૨.૫૦ લાખ કરવાની, તત્કાલ લોન રૂ. ૫૦,૦૦૦ કરવાની ફુડ એડવાન્સ રૂ. ૯,૦૦૦, ફેસ્ટીવલ એડવાન્સ રૂ. ૯,૦૦૦, તથા ઈન્સ્યોરન્સની રકમ રૂ. ૫૦,૦૦૦ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. મંડળીના સભાસદોના ૩૦ જેટલા તેજસ્વી તારલાઓને મહેમાનો દ્વારા વિદ્યાપુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંડળીના પ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલા દ્વારા વર્ગ-૪ના મહિલા કર્મચારીઓને સાડીની ભેટ આપવામાં આવી હતી.

ઉપસ્થિત મુખ્ય મહેમાનો દ્વારા સતત દસમા વર્ષે સભાસદોને બચત ઉપર ૧૩ થી ૧૮ ટકા વ્યાજ મંડળી દ્વારા આપવામાં આવે છે તે બાબતે ખુશી વ્યક્ત કરી મંડળીની કામગીરીને બિરદાવી હતી. વાર્ષિક સાધારણ સભામાં મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યાં હતા.

સમગ્રસભાનુંસંચાલન જી.એચ. મદલાણીએ અને આભારવિધિ તુષાર ચૌધરીએ કરી હતી.

ગાહેડ-ફેડાઈની ૨૦૧૯-૨૧ની ટર્મ માટેના હોદ્દેદારોની વરણી કરાઈ

ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાઉસીંગ એન્ડ એસ્ટેટ ડેવલપર્સ-ફેડાઈ એટલે કે ગાહેડ-ફેડાઈની તા. ૨૭મી જુને બોર્ડ મીટીંગ યોજાઈ હતી. જેમાં ૨૦૧૯ થી ૨૦૨૧ માટેની ટર્મ માટે સંસ્થાના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ગાહેડ-ફેડાઈના ૨૦૧૯ થી ૨૦૨૧ માટેની ટર્મની હોદ્દેદારોમાં પ્રમુખપદે સિન્થેસીસના અજય પટેલ, માનદ મંત્રી પદે પ્રેરણા ઈન્ફ્રા બીલ્ડના સંકેત શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉપપ્રમુખ પદે નીલમ દોશી, તેજસ જોષી ચિત્રક શાહ, કિંજલ પટેલ તથા ધ્રુવ પટેલની તથા સહમાનદ મંત્રીપદે અમરીશ પટેલ અને નિલય પટેલની તેમજ માનદ્ કોષાધ્યક્ષપદે સન બીલ્ડકોનના વિરલ શાહની અને સહ માનદ કોષાધ્યક્ષ પદે યશ બ્રહ્મભટ્ટ તથા સર્વિલ શ્રીધરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પોસ્ટકાર્ડ સત્યાગ્રહ : આજે સતત ચોથા રવિવારે મહાત્મા ગાંધીજીની નિંદા કરનાર તેમજ ગાંધી હત્યારા નાથુરામ ગોડસેને દેશભક્ત કહેનારા સાંસદ સાધ્વી પ્રજ્ઞાજી, ધારાસભ્ય સુ.શ્રી ઉષાજી ઠાકુર, આઈએએસ કુ.નિધિ ચૌધરીજીને પૂ.બાપૂ દ્વારા સ્થાપિત 'નવજીવન પ્રેસ'ના પરિસરમાં ૪૦ ગાંધી સમર્થકો દ્વારા ઉપરોક્ત ત્રણેયને ત્રણ પોસ્ટકાર્ડ લખી તેઓની રાષ્ટ્રપિતા વિષેની ગેરસમજણ દૂર કરવા અને ગાંધી વિચાર જાણવા - સમજવા અપીલ કરાઈ... 'નવજીવન પ્રેસ'ની મુલાકાત લઈ ગાંધીજીની સ્મૃતિ સંસ્થાનમાં આવી ગાંધી પવિત્રતાની અનુભૂતિ કરવા આમંત્રણ મોકલાયું... તેઓના હૃદય પરીવર્તન માટે 'સબકો સન્મતિ દેં ભગવાન'ની સામૂહિક પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

રાધનપુરના ચિત્રકારના ચિત્રોનું અમદાવાદની ગુફા ખાતે પ્રદર્શન

ગાંધીનગર, તા.૧

રાધનપુરના જાણીતા ચિત્રકાર ધરમ પરમારના ચિત્રોનું પ્રદર્શન તા. ૨ થી ૭ જુલાઈ અમદાવાદની ગુફા નવરંગપુરા ખાતે યોજાશે. જે પ્રતિ રોજ સાંજના ૪ થી ૮ કલાક દરમિયાન નિહાળી શકાશે. ધરમ પરમારના ચિત્ર પ્રદર્શનને તા. ૨ જુલાઈના રોજ જાણીતા ચિત્રકાર કલાકાર વિજય શ્રીમાળી દ્વારા સાંજે ૫.૩૦ વાગ્યે ખુલ્લુ મુકાશે. આ પ્રંસગે નિવૃત્ત સંયુકત માહિતી નિયામક નટુભાઈ પરમાર અને જાણીતા આર્ટીસ્ટ અનંત મહેતા ખાસ ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે, ધરમ પરમારના ચિત્રોનું પ્રદર્શન અગાઉ જહાંગીર આર્ટ ગેલેરે મુંબઈ, હઠીસિંહ વિઝયુઅલ આર્ટ ગેલેરી, રવિશંકર રાવલ કલાભવન સહિત દેશના વિભિન્ન રાજયો અને નેપાળમાં પણ યોજાઈ ચુકયું છે.

જળબંબાકાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાણીમાં માછલીઓ પણ નજરે પડી હતી. આજે ભારે વરસાદથી હિંદમાતા, સાયન, કુર્લા, બાંદરા, દાદર, કિંગ સર્કલ, એરિયા, ચેમ્બુરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદી પાણી લોકોના ઘરમાં ઘુસી ગયા હતા. પાલઘરમાં રેલવે ટ્રેક પર પાણી જમા થવાના કારણે રેલવે સેવા ખોરવાઈ ગઈ હતી. કેટલીક ટ્રેનોને રદ કરવાની ફરજ પડી હતી. મુંબઈ અને આસપાસના વિસ્તારમાં ગુરૂવારના દિવસે રાત્રી ગાળાથી જ ભારે વરસાદ થઈ રહ્યો છે. વેસ્ટર્ન રેલવેના કહેવા મુજબ મુંબઈ ડિવિઝનના પાલઘરમાં રવિવાર રાત્રી ગાળાથી ભારે વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે હાલત કફોડી બની ગઈ છે. આ ગાળા દરમિયાન ૧૫ ઈંચથી વધારે વરસાદ થયો છે. બીજી બાજુ આજે સવારમાં ચાર વાગ્યાથી લઈને પાંચ વાગ્યા વચ્ચેના ગાળામાં એક કલાકમાં જ ચાર ઈંચથી વધારે વરસાદ થયો છે. યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને મુંબઈ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ સહિત કેટલીક ટ્રેનોને રદ કરવામાં આવી છે અથવા તો તેમના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. વેસ્ટર્ન રેલવેના અધિકારીઓ સ્થિતી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. સુરક્ષાના કારણોસર કેટલીક ટ્રેનો હાલમાં ધીમી ગતિથી ચાલી રહી છે. કેટલીક ટ્રેનોને રોકી દેવાની ફરજ પડી છે. સવારમાં ભારે વરસાદના કારણે લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા હતા. ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. જેથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મોનસુનની ધીમી ગતિથી શરૂઆત થયા બાદ મોનસુને હવે ગતિ પકડી લીધી છે. શહેરના કેટલાક નીચાણવાળા વિસ્તારો આજે જળબંબાકાર બની ગયા હતા. પાણી ભરાઈ જવાના કારણે ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. હવામાન વિભાગના કહેવા મુજબ મુંબઈ અને આસપાસના વિસ્તારો તેમજ મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે.મુંબઈ અને આસપાસના વિસ્તારો માટે ભારે વરસાદને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સેન્ટ્રલ લાઈન પર ટ્રેનો ૩૦ મિનિટ મોડેથી દોડી રહી છે.મુંબઈમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. વેસ્ટર્ન રેલવેના ઉપનગરીય વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. લોકલ ટ્રેનો સામાન્ય રીતે ચાલી રહી છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા લોકોને વરસાદના કારણે મોટી રાહત થઈ છે.

મીનીબસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અજરાબાનુ પુત્રી ગુલામ મોહમ્મદ, કુલસુમાબાનો પુત્રી મોહમ્મદ અશરફ નીર, અબ્દુલ રહેમાન પુત્ર અહેમદ ભટ્ટ, હસીનાબાનો પુત્રી ગુલામ મોહમ્મદ, મુનીમબેગમ પત્નિ યાકીર હુસૈનનો સમાવેશ થાય છે. મૃતકોની ઓળખ પણ કરી લેવામાં આવી છે. તમામની ઓળખ કરી લેવામાં આવ્યા બાદ તેમના પરિવારના સભ્યોને પણ જાણ કરવામાં આવી છે. મૃતકોના નામ પણ સપાટી ઉપર આવી ચુક્યા છે. બનાવની વિગત એવી છે કે એક મીની બસ ઉંડી ખીણમાં ખાબકી જતા ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થયા છે. અનેક લોકો ઘાયલ પણ થયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે દુર્ઘટનાગ્રસ્ત બસ કેશવાનથી કિશતવાડ તરફ જઈ રહી હતી. વચ્ચે આ બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. જમ્મુના આઈજીપી એમકે સિંહાએ કહ્યુ છે કે આ ભીષણ દુર્ઘટનામાં હજુ સુધી ૩૫ લોકોના મોતના અહેવાલને સમર્થન મળી ચુક્યુ છે.સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસની સહાયથી બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી.

અમિત શાહ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભાજપાના કાર્યકરો અને આગેવાનોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. આગામી તારીખ ૩ જુલાઈના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બપોરે ૨.૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચશે ત્યારે, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશના પદાધિકારીઓ, ધારાસભ્યઓ સહિતના ભાજપાના આગેવાનો અને કાર્યકરો દ્વારા વિશાળ સંખ્યામાં અમદાવાદના એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૩.૦૦ કલાકે અમિત શાહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ પામેલ ઈન્કમટેક્સ પાસેના ઓવરબ્રીજનું લોકાર્પણ કરશે. આ પ્રસંગે પણ બ્રીજના બંને છેડે વિશાળ સંખ્યામાં કાર્યકરો અમિત શાહનું અભિવાદન કરશે. બપોરે ૪.૩૦ કલાકે દિનેશ હોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં નારણપુરા વિધાનસભા વિસ્તારના ડી.કે.પટેલ કોમ્યુનિટી હોલ તથા લાયબ્રેરીનું લોકાર્પણ કરવામાં આવશે. ગાંધીનગર લોકસભા વિસ્તારની ૦૫ જેટલી તલાટીઓની કચેરીઓનું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશના પદાધિકારીઓ, ધારાસભ્યઓ, કોર્પોરેટરઓ અને ભાજપાના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહેશે.

બહુમતિની...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

થઈ જાય છે તો એનડીએને પોતાના દમ ઉપર ૧૨૩ સાંસદોની જરૂર રહેશે. જો કે, રાજ્યસભામાં કોઈ બિલને પસાર કરવા માટે એનડીએને હવે કોઈ તકલીફ નડશે નહીં. કારણ કે, ટીઆરએસ, બીજેડી અને વાયએસઆરસીપી જેવા બિન યુપીએ જેવા પક્ષો સરકારને સાથ આપી શકે છે. ગૃહમાં ભાજપના ફ્લોર મેનેજર દ્વારા વિશ્વાસ વ્યક્ત કરતા કહેવામાં આવ્યું છે કે, હવે કોઈપણ બિલને પસાર કરતી વેળા સભ્યોની કમી આડે આવશે નહીં. આ બાબતની શક્યતા ઓછી છે કે, વિપક્ષ હવે કોઈ બિલને રોકાવી શકશે અથવા તો તેમાં સુધારા કરવા માટે મોકલી શકાશે. પાંચમી જુલાઈના દિવસે છ સીટો ઉપર ચૂંટણી યોજાનાર છે. આમાથી એક ઉપર એલજેપીના વડા રામવિલાસ પાસવાન ચૂંટાઈ ચુક્યા છે. ગુજરાતની બે સીટો ઉપર ભાજપની જીત થવાની શક્યતા દેખાઈ રહી છે.